# આજથી આર.ટી.ઓ. કચેરીએ બે દિવસ એચ.એસ.આર.પી. નંબર પ્લેટ માટે કેમ્પ

### મહીનો મુદત લંબાવાયા બાદ આર.ટી.ઓ. દ્વારા જુના વાહનોને આવરી લેવા માટે ખાસ કેમ્પનુ આયોજન

ગાંધીનગર તા ૫

જુના વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફરજિયાત કરી દેવાઈ છે. જયારે હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવાના મામલે એક મહીનાની મુદત વધારી દેવાઈ છે. ગાંધીનગર જિલ્લામાં પણ લાખો વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફીટ કરવાની બાકી હોવાનુ મનાઈ રહયુ છે. ત્યારે આ પ્રકારની નંબર પ્લેટ લગાવવા માટે આર ટી ઓ તંત્ર દ્વારા બીજીવાર કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. આર ટી ઓ તંત્ર દ્વારા તા ૬ અને ૭ જાન્યુઆરીના રોજ કેમ્પ યોજાશે.

હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફરજિયાત કરી દેવાઈ છે. જયારે જુના વાહનોમાં પણ આ પ્રકારની નંબર પ્લેટ ફીટ કરવા માટે એક મહીનાની મુદત વધારી દેવામાં આવી છે. આ માટે એક મહીનો વધારી વર્ષ ૨૦૧૮ સુધી પોતાના વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફીટ કરી દેવાની રહેશે આર ટી ઓ કચેરી ઉપરાંત હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફીટ કરાવવા માટે વાહનડીલરો પાસે પણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવામાં આવી છે. જયારે આર ટી ઓ કચેરી દ્વારા અગાઉ પણ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના અંતે એક હજારથી વધુ નંબર પ્લેટ તૈયાર કરવામાં આવી હતી. આ ઉપરાંત તા ૬ અને ૭ જાન્યુઆરીના રોજ પણ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં આર સી બુકના દરેક પાનાની સ્વપ્રમાણિત ઝેરોક્ષ તેમજ કોઈપણ એક આઈ ડી પ્રુફની સ્વપ્રામાણિત ઝેરોક્ષનુ જોડાણ કરી દસ્તાવેજ જમા કરાવાના રહેશે. જયારે એચ એસ આર પી તરફથી નંબર પ્લેટ ફીટ કરાવાનો મેસેજ આવ્યા બાદ એપોઈન્ટમેન્ટના અંતે પ્લેટ લગાવી દેવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.



ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ સ્થિત ડોમમાં ખાદ્ય-ખોરાકના એક્ઝીબેશનના અંતિમ દિવસે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. વિવિધ મશીનરી અને ખોરાકની અવનવી ચીજવસ્તુઓ તેમજ પ્રોજેક્ટ જોઈ નાગરીકો દંગ રહી ગયા હતા. શહેરના સે. ૧૭ સહિત ચ-માર્ગ પર એક્ઝીબેશન નિહાળવા આવેલા નાગરીકોએ આડેધડ વાહનો પાર્ક કરી દેતા ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. જ્યારે આસપાસના સેક્ટરોમાં પણ પાર્કિંગ પેલેસમાં ફેરવાઈ ગયા હતા.

# પ્રાંતિજના કાટવાડ પાસે કેનાલમાં ૧૭ વર્ષની યુવતી પડી જતા શોધખોળ

### સ્થાનિક તંત્ર સહિત મામલતદાર ઘટના સ્થળે દોડી આવ્યાં : વીસ કલાક બાદ મૃત હાલતમાં યુવતીનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કાટવાડ પાસે આવેલ કેનાલમાં ૧૭ વર્ષની યુવતી પડી જતા પ્રાંતિજ- હિંમતનગર ફાયર ટીમ દ્વારા શોધખોળ હાથ ધરવામા આવી હતી. પ્રાંતિજ મામલતદાર સહિત સ્થાનિક તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના કાટવાડ પાસે છેલ્લા દસ એક મહિનાથી કેનાલ પાસે પથારી પાથરીને રહેતાં મદારી સમાજની દિકરી મદારી પુનમબેન ગોકળનાથ ઉ.વર્ષ અંદાજે- ૧૭ કે જે મુળ અરવલ્લી જીલ્લાના ભીલોડાના વતની છે અને ધંધો રોજગાર માટે છેલ્લા દસ એક મહિનાથી કેનાલ પાસે પરિવાર દ્વારા પથારી નાંખી છે. ઘટનાની આગળની તા. ૪-૧-૨૦૧૮ને ગુરૂવારના રોજ સમી સાંજે સાત વાગ્યાની આસપાસ પુનમ કેનાલ પાસેથી પસાર થઈ રહી હતી. તે સમયે તેનો પગ લફસતાં કેનાલમાં પડી હતી અને બુમો પાડતા આજુબામાંથી તેના સમાજના ત્રણએક યુવાનોએ પણ કેનાલમાં તેને બચાવવા માટે છલાંગ લગાવી હતી, પણ પાણી વધારે તેજ અને ઉંડુ હોવાથી અને તરતા ના આવડતા ત્રણેય યુવાનો તરતજ બહાર



નિકળી ગયાં હતા. વહેલી સવારે આ અંગેની જાણ સ્થાનિક તંત્રને કરતાં તંત્ર દ્વારા પ્રાંતિજ-હિંમતનગર ફાયર ટીમને જાણ કરવામાં આવતાં વહેલી સવારથી જ હિંમતનગર- પ્રાંતિજ ફાયર ટીમ દ્વારા કેનાલમાં શોધખોળ હાથ ધરી હતી અને આજુબાજુમાં લોકોને ખબર પડતા લોકોના ટોળે ટોળા કેનાલ તરફ દોડી આવ્યા હતા. દલપુર સરપંચ તથા પ્રાંતિજ મામલતદાર સહિત પ્રાંતિજ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. પ્રાંતિજ- હિંમતનગર ફાયર બચાવ ટીમ દ્વારા વહેલી સવારથી બપોરના ત્રણ વાગતાના સમયે કેનાલમાંથી ઘટનાસ્થળ ઉપરથી જ વીસ કલાકની મહેનત બાદ પુનમ મૃત હાલતમાં મળી આવી હતી.

## વિધાનસભાની ચૂંટણીમાં પ્રસંશનીય કામગીરી માટે કલેકટર દ્વારા પ્રશસ્તિ પત્ર એનાયત

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી શાલિની અગ્રવાલ દ્વારા વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં યશસ્વી કામગીરી બદલ જે તે અધિકારી કર્મચારીઓને પ્રશસ્તિ પત્રો એનાયત કરાયા હતા .જેમાં અરવલ્લી જિલ્લાના અધિક તિજોરી અધિકારી ડી.એસ. પટેલને પણ ચૂંટણી પ્રક્રિયામાં મહત્તમ કૌશલ્ય અને કાર્યદક્ષતાથી સફળતાપૂર્વક કામગીરી કરવા બદલ જિલ્લા કલેકટર દ્વારા પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

## મોડાસા હોટલ એસોસીએશનના સભ્યો ગાંધીનગર ખાદ્ય ખોરાક પ્રદર્શનની મુલાકાતે

મોડાસા, તા. ૫

ગાંધીનગર ખાતે ઈન્ટરનેશનલ ખાદ્ય ખોરાક મેળો સૌ પ્રથમવાર મોટી વિશાળ સંખ્યામાં કાર્યરત છે. જેમાં સમગ્ર દેશમાંથી ફૂડ, ઈન્ડસ્ટ્રીઝનને લગતા સ્ટોલ મોટી સંખ્યામાં લાગેલ છે. જેમાં રોજબરોજ હજારોની સંખ્યામાં મુલાકાતે આવી માણી રહ્યા છે.

આ મેળામાં મોડાસા નગરમાંથી હોટલ એસોસીએશનના સભ્યો પણ મુલાકાતે પહોંચ્યા હતા. જેઓએ વિવિધ સ્ટોલોની મુલાકાત લઈ હોટલને ધંધાને જરૂરી મશીનરી ખરીદી અને જાણકારી મેળવેલ હતી.

# વિરોધ પક્ષના નેતા પદે પરેશ ધાનાણી નિશ્ચિત, આજકાલમાં જાહેરાત

અમદાવાદ,તા.૫

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસપક્ષના નેતા(વિરોધ પક્ષના નેતા) તરીકે યોગ્ય ઉમેદવારની પસંદગીને લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય નીરીક્ષકોએ તાજેતરમાં ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને ચૂંટાયેલા ધારાસભ્યો સાથે યોજેલી મેરેથોન બેઠકો અને તેમના અભિપ્રાયો, ચર્ચા વિચારણા બાદ વિગતવાર અહેવાલ કોંગ્રેસ હાઈકમાન્ડને સુપ્રત કરી દીધો છે. કોંગી હાઈકમાન્ડ દ્વારા નામોને લઈ ભારે મનોમંથન ચાલી રહ્યું છે અને રાજયની આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી, લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી સહિતના તમામ પાસાઓને ધ્યાનમાં લઈ એકાદ-બે દિવસમાં કોંગ્રેસ પક્ષના નેતાનું નામ જાહેર કરી દેવાય તેવી શકયતા છે. બીજીબાજુ, ગુજરાત કોંગ્રેસમાં આજે પણ વિરોધપક્ષના નેતાના નામને લઈ ભારે ઈન્તેજારી અને સસ્પેન્સ વચ્ચે કશ્મકશ જોવા મળી હતી. જો છેલ્લી ઘડીયે કોઈ ફેરફાર ના થાય તો આ વખતે યુવા નેતા અને રાહુલ ગાંધીના નજીકના મનાતા પરેશ ધાનાણીનું નામ કોંગ્રેસ પક્ષના નેતા તરીકે નક્કી છે. જો કે, વિરોધપક્ષના નેતાની આ રેસમાં કોંગ્રેસના ધારાસભ્ય કુંવરજી બાવળિયા, વિક્રમ માડમ અને મોહનસિંહ રાઠવા પણ મેદાનમાં ઉતરી આવતાં પક્ષના રાષ્ટ્રીય નીરીક્ષકોએ તેમને ઠપકો આપી વિવાદ ખાળવાનો પ્રયાસ કર્યો હતો તે બાબત પણ એટલી જ વાસ્તવિક છે. રાષ્ટ્રીય નીરીક્ષકો જીતેન્દ્રસિંહ અને પ્રભારી અશોક ગેહલોત સહિતના નેતાઓએ ચૂંટાયેલા ધારાસભ્યો અને કોંગ્રેસના સ્થાનિક નેતાઓની વાત અને રજૂઆત સાંભળ્યા હતા અને હવે તેઓએ કોંગ્રેસ હાઈકમાન્ડને સમગ્ર રિપોર્ટ રજૂ કરી દેતાં હાઈકમાન્ડના નિર્ણય પર સૌની નજર મંડાઈ છે. હાઈકમાન્ડ એટલે કે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી જ કોંગ્રેસપક્ષના નેતા(વિપક્ષના નેતા)નું નામ નક્કી કરશે. એકાદ-બે દિવસમાં કોંગ્રેસ પક્ષના નેતાનું નામ જાહેર કરી દેવાય તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે સૌરાષ્ટ્રમાં કોંગ્રેસનો દબદબો રહ્યો હતો. ૫૪માંથી ૩૦ બેઠકો મેળવી કોંગ્રેસે સૌરાષ્ટ્રમાં ભાજપને જોરદાર પછડાટ આપી હતી. આ વખતે ભૌગોલિક સંતુલન માટે પણ વિપક્ષી નેતાનું પદ સૌરાષ્ટ્રને એટલે કે, પરેશ ધાનાણીને ફાળવાય તેવી પ્રબળ શકયતા છે. બીજીબાજુ હાર્દિક પટેલે પણ પરેશ ધાનાણીને કોંગ્રેસ પક્ષના નેતા બનાવાય તેવી લાગણી વ્યકત કરી છે, તેથી હવે ગુજરાત કોંગ્રેસના કાર્યકરોથી માંડી સ્થાનિક નેતાઓ વિરોધપક્ષના નેતા તરીકે કોને જાહેર કરાય છે તેની આતુરતાપૂર્વક રાહ જોઈને બેઠા છે.



## એસ.જી. પ્રાથમિક શાળામાં વાર્તા કથન સ્પર્ધાનું આયોજન

એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓમાં ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે હાઉસ પ્રમાણે વાર્તા કથન સ્પર્ધાનું આયોજન થયું હતું. દરેક હાઉસે બે બે વાર્તા નાટક દ્વારા રજૂ કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ નંબર ગ્રીન હાઉસ બીજો નંબર રેડ હાઉસ અને ત્રીજો નંબર ઓરેન્જ હાઉસનો આવ્યો હતો. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## શહેરમાં ટકાઉ ઉર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

નિસર્ગ સાયન્સ કોમ્યુનિટિ સેન્ટર તથા પ્રેરણા વિદ્યાલયના ઉપક્રમે ગઈ કાલે બાળઉર્જા રક્ષક દળ અંતર્ગત ૨૦૧૭-૧૮માં ટકાઉ ઉર્જા અંગેની જાગૃતિ લાવવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ તથા કો. ઓર્ડીનેટર હાર્દિકભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અનિલભાઈ પટેલે પી.પી.ટી. પ્રેઝન્ટેશન, કવીઝ તથા ઉર્જા વિશેની ફિલ્મ બતાવીને વિદ્યાર્થીઓને ઉર્જા અંગેનું યોગ્ય માર્ગદર્શન આપી તેમની રસરૂચિમાં વધારો કર્યો હતો. બાળકોએ પણ ઉત્સાહપૂર્વક કવીઝમાં પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા. જવાબ આપનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને નાસ્તાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# સાબરકાંઠામાં ખેડૂતો પાસેથી પોષણક્ષમ ભાવે ૧૩ લાખ બોરી મગફળી ખરીદાઈ

સાબરકાંઠા જિલ્લામાં મોચાસુ મગફળીનુ પુષ્કળ વાવેતર થતા રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી પોષણક્ષમ ભાવે મગફળીની ખરીદી કરવાનુ જાહેર કરાયુ હતુ. જે અંતર્ગત સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લા ખરીદ વેચાણ સંઘ હિંમતનગર દ્વારા ૧૪ ખરીદ કેન્દ્રો દિવાળી બાદ લાભ પાંચમથી શરૂ કરાયા હતા. જેના માધ્યમથી અત્યાર સુધીમાં ટેકાના ભાવે ૧૩ લાખ બોરી મગફળીની ખરીદી કરીને ખેડૂતોને અંદાજે રૂ. ૨૦૦ કરોડથી વધુની રકમ ચેક મારફતે ચુકવાઈ રહી છે.

આ અંગે જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ પટેલ તથા મેનેજર વિજયભાઈ પટેલના જણાવાયા મુજબ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચોમાસુ મગફળીનું વાવેતર અંદાજે ૨૫ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં કરાયુ હોવાને કારણે ઉત્પાદન પણ વધુ થયુ હતુ. જોકે બજારમાં તત્કાલિન સમયે મગફળીનો પ્રતિ ૨૦ કીલોનો ભાવ રૂ. ૭૫૦ની આસપાસ ચાલતો હતો. દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી મગફળી ખરીદવા માટે ખરીદ કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરાયા બાદ લાભપાંચમથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મળી ૧૪ ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે પ્રતિ ૨૦ કીલોના રૂ. ૯૦૦ના ભાવે મગફળી ખરીદવામાં આવી હતી. જો કે શરૂઆતના તબક્કામાં ખેડૂતોએ મગફળી વેચવા માટે ખુબજ ઘસારો કર્યોહતો. જેના કારણે સરકારી ગોડાઉનો ભરાઈ જવા પામ્યા હતા. તેમ છતાં મગફળીની ખરીદીનું કામ ચાલુ રખાયુ છે. સાબરકાંઠા અને અરવલ્લીના ૧૪ ખરીદ કેન્દ્રોના માધ્યમથી અત્યાર સુધીમાં ૧૩ લાખ બોરી મગફળીની ખરીદી કરવામાં આવી હતી. જેથી ખેડૂતોને પણ ફાયદો થયો છે. ખરીદ કેન્દ્રો પૈકી સૌથી વધુ મગફળીની ખરીદી ઈડર-૧ કેન્દ્ર પર અંદાજે ૨.૨૦ લાખ બોરી તથા સૌથી ઓછી ખરીદી અરવલ્લીના મેઘરજ ખરીદ કેન્દ્ર ખાતે ૨૨ હજાર બોરી ખરીદાઈ હતી.

### બીજો તમાચો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાન આ લિસ્ટમાં સામેલ થનાર પ્રથમ દેશ છે. આ કેટેગરી ૨૦૧૬ના એક ખાસ કાયદા હેઠળ બનાવવામાં આવી છે. નોઅર્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દુનિયાભરમાં કેટલાંય સ્થળ પર લોકોને પોતાના ધર્મની આઝાદીનું પાલન કરવા પર હજુ પણ ઉત્પીડન અને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડે છે અને જેલના સળિયા પાછળ પણ જવું પડે છે. તેમણે જણાવ્યું હતું કે ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ એક્ટ-૧૯૯૮ હેઠળ વિદેશ પ્રધાન દર વર્ષે એ સરકારને ખાસ ચિંતાજનક દેશ તરીકે નોમિનેટ કરે છે, જે ધાર્મિક આઝાદીના ભયાનક ઉલ્લંઘનમાં સંડોવાયેલ હોય અથવા તો તેની ઉપેક્ષા થતી હોય.

આ અગાઉ આતંકીઓને આશ્રય આપવા બદલ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનને ફટકાર લગાવ્યા બાદ તુરંત તેને આપવામાં આવનાર ૨૫૫ મિલિયન ડોલરની સુરક્ષા સહાય બંધ કરવાની જાહેરાત કરી હતી. અમેરિકાનું માનવું છે કે આ આતંકી સંગઠનને લઈ સમગ્ર દક્ષિણ એશિયામાં અશાંતિ અને અસ્થિરતાનો માહોલ છે.

### બિલ અટવાયુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિલ શિયાળુસત્રમાં લોકસભામાં પસાર થયું હતું પરંતુ રાજ્યસભામાં વિપક્ષે સિલેક્ટ કમિટિને આ બિલને મોકલવાના મુદ્દે જિદ્દી વલણ અપનાવ્યું હતું જેના પરિણામ સ્વરુપે આને પસાર કરી શકાયું નથી. અલબત્ત સરકારે રાજ્યસભામાં આને ચર્ચા માટે મુકી દીધું છે અને આ રાજ્યસભાની સંપત્તિ છે. તેમણે કહ્યું હતું કે, સામાન્યરીતે વટહુકમ એ વખતે લાવવામાં આવે છે જ્યારે સત્ર ચાલી રહ્યું હોતું નથી અને ગૃહમાં આને રજૂ કરવાની સ્થિતિ હોતી નથી. તેમણે કહ્યું હતું કે, જ્યારે ગૃહમાં બિલ રજૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે તેના ઉપર વટહુકમ લાવવાની બાબત ગૃહના પ્રત્યે સન્માનની સ્થિતિ તરીકે જોવામાં આવતા નથી. અગ્નિહોત્રીએ કહ્યું હતું કે, સરકાર આને સિલેક્ટ કમિટિને મોકલી શકે છે. રાજ્યસભાના કોંગ્રેસના સભ્ય વિવેક તંખાનું કહેવું છે કે, આ સંદર્ભમાં વટહુકમ લાવવા માટે સરકાર સ્વતંત્ર છે.

### મોકૂફ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કલાક અને ૪૮ મિનિટ ચાલી હતી. ગૃહે મોકૂફી અને ખલેલના કારણે ૧૫ કલાક ગુમાવ્યા હતા. શિયાળુ સત્ર દરમિયાન જે બિલ પસાર કરવામાં આવ્યા હતા તેમાં સેન્ટ્રલ રોડ ફંડ (સુધારા બિલ), નેશનલ કેપિટલ ટેરેટરી ઓફ દિલ્હી કાયદા ખાસ જોગવાઈ બિલનો સમાવેશ થાય છે. કેટલાક બિલમાં કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈ રહેલી છે. અધ્યક્ષે કહ્યું હતું કે, સરકાર દ્વારા ૧૬ બિલ રજૂ કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદી પોતે પણ ગૃહમાં જાહેરાત કરવામાં આવી ત્યારે ઉપસ્થિત હતા. તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮ માટે ગ્રાન્ટ, બીજી અને ત્રીજી બેંચ માટે નામ પર ચર્ચા થઈ હતી. આ ચર્ચા છ કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. ત્યારબાદ સંબંધિત બિલો પસાર કરવામાં આવ્યા હતા.

### 'ગ્રંથમંદિર'... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ શહેરની નગર પ્રા. શાળા ૯માં આ પ્રોજેક્ટનુ સફળ અમલીકરણ અને પ્રસ્તુતકર્તા પ્રિતીબેન ગાંધીનું તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલ એક ઈન્ટરનેશનલ સમારોહમાં સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટ અંગે તેમણે રજુ કરેલા પ્રેઝન્ટેશનને વિદેશોમાંથી પધારેલ વિયેતનામ, નેપાળ, મલેશિયા, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ, યુ.કે., યુ.એસ.એ. જેવા દેશના પ્રતિનિધિઓ નિહાળી અને તેમના દેશમાં તેના અમલ માટેની તત્પરતા દર્શાવી છે.

ઈન્ડિયા બુક ઓફ રેકર્ડઝ એ એશિયા બુક ઓફ રેકર્ડધઝ સાથે જોડાણ ધરાવે છે. આ પ્રસંગે એશિયન બુક ઓફ રેકર્ડઝના ચીફ એડિટર્સ ઓફ નેશનલ રેકર્ડ બુક્સના પણ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લાની કલોલ પ્રા. શાળા નં. ૯નો પ્રોજેક્ટ 'ગ્રંથમંદિર'ને ટોપ ૧૦૦ રેકોર્ડમાં સ્થાન મળતા તા. ૧૨-૧૧-૨૦૧૭ના રોજ દિલ્હી ખાતે સન્માન અને પ્રેજન્ટેશન રાખવામાં આવ્યુ હતુ. શાળાના આચાર્ય પ્રીતિબેન ગાંધીના જણાવ્યાનુસાર આ એક મોટી સિદ્ધિ છે. આઠ દેશના ૨૦૦૦ રેકોર્ડસમાંથી અમારો પ્રોજેક્ટ ટોપ ૧૦૦માં આવ્યો છે. વિયેતનામ, નેપાલ, મલેશિયા, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ, યુ.કે. અને યુ.એસ.એ. જેવા દેશોના પ્રતિનિધિઓએ આપણા પ્રોજેક્ટને ખૂબ સરાહ્યો અને પોતાના દેશમાં જઈ આ પ્રોજેક્ટને શરૂ કરીશું તેમ પણ જણાવ્યું. ત્યાં દરેક વિદેશી મહેમાનોને અમારા તરફથી આર.કે. ગુપ્તાના સૌજન્યથી હમારે આદર્શ અને 'ETH-ICS' નામના બે પુસ્તકો દરેક મહેમાનૌ સપ્રેમ આપ્યા હતા.

શ્રીમતિ ગાંધીએ કહ્યું કે અમારી આ સિદ્ધિમાં જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી એન.એમ. રાઠોડ સાહેબનો ખુબ ફાળો છે. તેમને દિલ્હી જવાની મંજૂરી અને પ્રેરણા પણ આપી. ડાયેટ ગાંધીનગર અને જી.સી.ઈ.આર.ટી.એ પણ અમને ખૂબ સહયોગ આપ્યો છે જે બદલ અમે આભારી છીએ.

### ૩૮ 'ટકા જ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રણેય તાલુકામાં ૮૦ થી ૮૫ ટકા સુધીની વસુલાત મેળવનારા ગામોની સંખ્યા જુજ છે.

તાલુકાવાર સફાઈવેરાની વસુલાત જોઈએ તો કલોલમાં ૩૬ ટકા, માણસામાં ૫૨ ટકા, ગાંધીનગરમાં ૩૬ ટકા અને દહેગામમાં ૩૦ ટકા વસુલાત થઈ શકી છે. જિલ્લામાં ૧૦ ટકાથી પણ ઓછી સફાઈવેરાની વસુલાત કરનારા ગામોની સંખ્યા ૧૫ થી વધુ હોવાનું જાણવા મળેલ છે.

એક તરફ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સ્વચ્છતા અભિયાન અંગેની વિશેષ ઝુંબેશો ચલાવી રહી છે ત્યારે પાટનગરના જિલ્લામાં જ તેના લીરેલીરા ઉડી રહ્યા છે. સ્વચ્છતા અભિયાન માટેની કેટલી વાતો પોકળ છે તેનો આ પુરાવો છે. જિલ્લામાં માત્ર ૭૭ ગામ જ સ્વચ્છ ગ્રામ-સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત પ્રોત્સાહક ગ્રાન્ટ મેળવવા પાત્ર બન્યા છે. રાજ્ય સરકારે આ યોજના ૨૦૦૭માં સુધારાઓ સાથે અમલમાં મુકી હતી પરંતુ તે માત્ર વાતો અને કાગળ પર જ રહી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના ૨૦ ગામોને ૫૩,૨૫,૩૫૦ રૂ.ની પ્રોત્સાહક ગ્રાન્ટ મળશે, માણસા તાલુકાને ૪૫,૮૯,૨૫૪ રૂ.ની ગ્રાન્ટ મળવાપાત્ર થાય છે. ગાંધીનગર તાલુકાને ૩૬,૪૩,૨૩૬ની ગ્રાન્ટ મળવાપાત્ર થાય છે. જ્યારે દહેગામને પાંચ લાખ ૮૫ હજાર ૩૮૮ રૂ.ની ગ્રાન્ટ મળવાપાત્ર થાય છે.

### અભ્યાસ કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમય પહેલા આ તળાવ વિકાસની યોજના હાથ ધરવામાં આવી હતી. જયારે શરૂઆતના તબક્કા બાદ કામ અટવાતા બે વર્ષના અંતે તળાવ વિકાસની યોજના સંદર્ભે પુન : કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે એક દાયકાથી વધુ સમયના અંતે પણ આ યોજના પુર્ણ થઈ નથી. તળાવ વિકાસની યોજના અન્વયે ફુડકોર્ટને અનુલક્ષી દુકાનો પણ તૈયાર કરવામાં આવી છે. પરંતુ ફુડકોર્ટની દુકાનોની હરાજીની પ્રકીયા પણ અટવાતા હજુ પણ સ્થળ પર આવતા સહેલાણીઓને કોઈ સુવિધા મળતી નથી. જયારે તળાવના તળિયામાં પાણી ન ભરાતા સ્થળને પીકનિક સ્પોટ સમાન બનાવાની વાત વિસરાઈ છે. તળાવમાં અનેક પ્રયાસોના અંતે પાણી ટકતુ નથી. ચોમાસા દરમિયાન પણ તળાવ કોરુ જ રહે છે. આવા સંજોગોમાં તંત્ર માટે પણ તળાવની રોનક નિખારવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. જયારે અમદાવાદ સહીતના અન્ય શહેરમાં સ્થિત તળાવનો અભ્યાસ કરી આગળ શુ કાર્યવાહી થઈ શકે તે અંગે પણ અધિકારીઓએ સર્વે હાથ ધર્યો છે. માર્ગ મકાન વિભાગના અધિકારીઓની બેઠક દરમિયાન તળાવને નિખારવા માટે ચિંતા વ્યકત કરવામાં આવી હતી. જયારે આ મામાલે આગળ શુ થઈ શકે તે અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તળાવ વિકાસની યોજના સાકાર કરવા માટે તંત્ર કક્ષાએથી આગામી દિવસોમાં શુ પગલા લેવાય છે તે જોવાનુ રહયુ.

### બિઝનેસ સમીટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્પર્ધાત્મક પરિક્ષાઓના તાલીમ કેન્દ્ર માટે કરાયેલા રૂ. ૫ કરોડના દાનને પણ રૂપાણીએ બિરદાવ્યું હતું.

આ અવસરે પંચામૃતશકિત યોજના અન્વયે મુખ્યમંત્રીશ્રી-નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં નવયુવકોને નવા ઊદ્યોગ સ્થાપવા, સ્વરોજગાર. ઉચ્ચ સ્પર્ધાત્મક પરિક્ષાઓનું માર્ગદર્શન વગેરે માટેના એમઓયુ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. આ હેઠળ સિવિલ સર્વિસિસ, ઉદ્યોગ તાલીમ કેન્દ્ર, સરકારી યોજનાઓનું માર્ગદર્શન, મહેસુલ માર્ગદર્શન અને કાનૂની માર્ગદર્શનનો સમાવેશ થાય છે.

નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલે ગ્લોબલ પાટીદાર સમિટ વિશ્વભરના પાટીદાર પરિવારોનો સેતુ બની છે તેનો હર્ષ વ્યકત કર્યો હતો. આ સમિટથી સમાજના યુવાનોને ઊદ્યોગ-શિક્ષણ-સ્વરોજગારી ક્ષેત્રે વૈશ્વિક જોડાણની તક મળશે તેમ તેમણે જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ સમાજ દ્વારા ૧૦ લાખ યુવાનોને સમાજ સેવાથી રાષ્ટ્રસેવા માટે પ્રેરિત કરવાના આ મહાઅભિયાનને સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસીય સમીટમાં દેશ-વિદેશના પ્રખર વક્તાઓ દ્વારા ૬૦૦૦ ઉદ્યોગપતિઓની કોન્ફરન્સને સંબોધન કરવામાં આવશે તેમજ ત્રણ લાખથી વધુ લોકો કોન્ફરન્સ અને એક્ઝિબિશન સેન્ટરની મુલાકાત લેશે તેવું આયોજન કરાયું છે. સમીટના પ્રથમ દિવસે સરદારધામ દ્વારા પાટીદાર ઉદ્યોગરત્ન એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી અને સમાજના અગ્રણી ઉદ્યોગપતિઓને સન્માનવામાં આવ્યાં હતાં.

આ અવસરે અમેરિકાથી ડો. કિરણ પટેલ અને ડો. વિઠ્ઠલ ધડુક તથા ગણપતભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ, ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલ, આરોગ્ય રાજ્ય મંત્રી કુમાર કાનાણી, ધારાસભ્યો પરેશ ધાનાણી, ભૂપેન્દ્રભાઈ પટેલ, વિવેકભાઈ પટેલ તેમજ પાટીદાર અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.